પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૮૩ | ૨૫ ડિસેમ્બર, ૨૦૨૨, રવિવાર; પોષ સુદ - ૨/૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ચીનમાં કોરોનાનો હાહાકાર

**હોસ્પિટલમાં બેડ, દવા અને આઈસીયૂની ભારે કમી : કોરોના વાયરસથી ચીનમાં દરરોજ ૫૦૦૦થી વધારે લોકો જીવ ખોઈ રહ્યા છે : સ્મશાન ઘાટ પર પણ ભારે ભીડ, દેશમાં કોવિડના ડરની વચ્ચે અંતિમ સંસ્કાર સ્થળ પર વધુ ચારનાં મોત, લાશોના અંતિમ સંસ્કારમાં મદદ કરનારા કાર્યકર્તા પહેલાથી કોવિડથી સંક્રમિત થઈ ચુક્યા છે**

બેઈજિંગ, તા.૨૪

કોરોના વાયરસથી ચીનમાં દરરોજ ૫૦૦૦થી વધારે લોકો જીવ ખોઈ રહ્યા છે. રાજધાની બેઈઝીંગ સહિત દેશના અન્ય પ્રાંતમાં કોવિડ સંક્રમણના કેસો વધી રહ્યા છે. ચીનમાં કોરોનાથી હાલત એટલી ખરાબ થઈ ચુકી છે કે, હોસ્પિટલમાં બેડ, દવા અને આઈસીયૂની ભારે કમી સર્જાઈ છે, જ્યારે શ્મશાન ઘાટ પર પણ ભારે ભીડ થઈ છે. દેશમાં કોવિડના ડરની વચ્ચે અંતિમ સંસ્કાર સ્થળ પર વધુ ચારના મોતના સમાચાર આવ્યા છે.





જ્યારે લાશોના અંતિમ સંસ્કારમાં મદદ કરનારા કાર્યકર્તા પહેલાથી કોવિડથી સંક્રમિત થઈ ચુક્યા છે.આવનારા મહિનામાં ચીનમાં ૮૦ કરોડ લોકો સંક્રમિત થઈ શકે છે અને દસ લાખથી વધારે લોકોના મોત થઈ શકે છે. ચીની માનવાધિકાર કાર્યકર્તા જેનિપર જેંગ, જે ટ્વિટર પર ચાલી રહેલા કોવિડ આંતક વિશેની પોસ્ટ કરી રહ્યા છે. તેમણે ફ્યૂનરલ હોમમાંથી એક વીડિયો શેર કર્યો. જેમાં ચાર લાશો પડી છે. તેમણે આગળ કહ્યું છે કે, લાશને સંભાળી રહેલા કર્મચારી પર કોરોનાથી ચપેટમાં આવી ગયા છે.

જો કે, મજૂરો કામ કરી રહ્યા છે. આ ચીન દ્વારા ચોંગકિંગમાં કોવિડ ૧૯ના લક્ષણોવાળા લોકોને સામાન્ય રીતથી કામ કરવાની મંજૂરી આપ્યા બાદ થયું છે. કેમ કે દેશમાં પહેલી વાર વાયરસ સાથે જીવવાની કોશિશ થઈ રહી છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, દુનિયામાં અત્યાર સુધીમાં સૌથી મોટા પ્રકોપથી ઝઝૂમી રહેલો ચીન દરરોજ ૧૦ લાખ કોવિડ સંક્રમિત અને વાયરસથી થતા ૫૦૦૦ મોતનો સામનો કરવો પડી રહ્યો છે.

## રાજસ્થાનમાં પેપર લીક થવાના સેકન્ડ ગ્રેડ શિક્ષક ભરતીની પ્રથમ તબક્કાની પરીક્ષા રદ

**પોલીસે ૩૬થી વધુ ડમી ઉમેદવારોની ધરપકડ કરી**

જયપુર, તા.૨૪

રાજસ્થાન લોક સેવા આયોગ (આરપીએસસી) એ પેપર લીક થવાના સેકેન્ડ ગ્રેડ શિક્ષક ભરતીની પ્રથમ તબક્કાની પરીક્ષા રદ કરી દીધી છે. પેપર લીક કરનારાઓ સામે ઉદયપુર પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસ અધિક્ષક વિકાસ શર્માના નિર્દેશ હેઠળ પોલીસે ૩૬થી વધુ ડમી ઉમેદવારોની ધરપકડ કરી હતી. જયપુરમાં ઉમેદવારોએ શિક્ષણ રાજ્ય મંત્રી ઝાહિદા ખાનના સત્તાવાર નિવાસસ્થાનનો ઘેરાવ કર્યો હતો. ઉમેદવારોએ આરપીએસસી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

૨૪ ડિસેમ્બરે રાજસ્થાનમાં સેકન્ડ ગ્રેડ ટીચર રિક્રુટમેન્ટ માટેની પરીક્ષા યોજાવાની હતી. પરીક્ષા શરૂ થાય તે પહેલા જ તેનું પેપર લીક થયું હતું તેમજ સોશિયલ મીડિયામાં પણ ફરતું થયું. મામલો સત્તાધીશો સુધી પહોંચ્યો હતો.

## કોરોનાને હળવાશથી ન લેવાય, નહીં તો ફરીથી શરૂઆત કરવી પડશે : નિષ્ણાતો

**ચીનમાં વકરતા કોરોનાને જોતા નિષ્ણાતો દ્વારા ચેતવણી અપાઈ : એક તરફ નબળી રોગપ્રતિકારક શક્તિ અને બીજી તરફ નબળા રસીકરણ દરો વર્તમાન પ્રકોપને ચીનમાં સૌથી ખતરનાક લહેર બનાવે છે**

નવી દિલ્હી, તા.૨૪

ચીનમાં શરૂ થયેલા કોરોનાના કહેરથી ફરી એકવાર વિશ્વની મુશ્કેલી વધી ગઈ છે. ૨૦૧૯ના સમયગાળાની જેમ આ વખતે પણ મહામારીની શરૂઆત ચીનથી થયેલી જોવા મળે છે. જો કે હવે ભારતમાં લોકોને રસીનું રક્ષણ મળી ગયું છે, પરંતુ કેટલાક આરોગ્ય નિષ્ણાતો એવું માને છે કે ચીનમાં હાલનો કોરોના ફાટી નીકળવો તે આખી દુનિયાને ફરીથી એ જ જગ્યાએ લાવશે જ્યાંથી આ મહામારી સામેની લડાઈ શરૂ થઈ હતી.

ચીનની ઝીરો કોવિડ નીતિમાં છૂટછાટથી, ત્યાની હોસ્પિટલો દર્દીઓથી અને શબઘરમાં મૃતદેહોથી ભરાઈ ગયેલા છે. ત્યાં હાલ ખુબ ગંભીર પરિસ્થિતિ જોવા મળી રહી છે. આરોગ્ય નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, આગામી મહિનાઓમાં વાયરસથી ૧૦ લાખથી વધુ લોકોના મોત થઈ શકે છે. એક તરફ નબળી રોગપ્રતિકારક

● અનુસંધાન પાન-૭ પર

## વિદેશી મુસાફરોના નેગેટિવ રિપોર્ટ ફરજિયાતના વાયરલ મેસેજ તથ્યહીન : કેન્દ્ર

**મુસાફરો પાસેથી નેગેટિવ કોવિડ રિપોર્ટની કોઈ માંગ કરવામાં આવી રહી ન હોવાની સ્પષ્ટતા**

નવી દિલ્હી, તા.૨૪

ચીન સહિત વિશ્વના ઘણા દેશોમાં કોરોના મહામારી સામેની લડાઈ હજુ પણ ચાલી રહી છે. ચીનમાં કોરોના સંક્રમણના કેસમાં ઝડપથી વધારો થયા બાદ ભારત સરકાર પણ ઘણી સતર્ક થઈ ગઈ છે. કેન્દ્રની સાથે રાજ્ય સરકારોની સક્રિયતા પણ ઘણી વધી છે. કોવિડના ખતરાને ધ્યાનમાં રાખીને સરકાર તેની તૈયારીઓની સમીક્ષા કરી રહી છે અને આ સંદર્ભે માર્ગદર્શિકા પણ બહાર પડી રહી છે. તે દરમિયાન, કોરોના વિશે કેટલાક ભ્રમ ફેલાવતા સમાચાર

● અનુસંધાન પાન-૭ પર

## દર્શન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની કાર ખીણમાં ખાબકી, ૮ શ્રદ્ધાળુઓના મોત

**કેરળમાં સબરીમાલાના દર્શન કરીને પરત ફરી રહેલ કારના ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો : પહાડ સાથે અથડાયા બાદ કાર ૪૦ ફૂટ ઊંડી ખીણમાં પડી હતી**





નવી દિલ્હી, તા.૨૪

સબરીમાલાથી પરત ફરી રહેલા આઠ તીર્થયાત્રીઓ થેની જિલ્લાના કુમીલી પર્વત પાસ પર ૪૦ ફૂટ ઊંડી ખીણમાં પડી જવાથી મૃત્યુ પામ્યા હતા. વાહનમાં સવાર તમામ મુસાફરો થેની-અંડીપેટીના રહેવાસી હતા. જિલ્લા કલેક્ટર કે.વી. મુરલીધરને જણાવ્યું કે લગભગ ૧૦ લોકો સબરીમાલા મંદિરના દર્શન કરીને કારમાં પાછા ફરી રહ્યા હતા ત્યારે ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. પહાડ સાથે અથડાયા બાદ કાર ૪૦ ફૂટ ઊંડી ખીણમાં પડી હતી, જેમાં સાત લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. રાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો. મીડિયા અહેવાલો અનુસાર, પોલીસ અધિકારીએ કહ્યું કે કેરળ અને તમિલનાડુના પોલીસકર્મીઓને મુસાફરોને બચાવવા માટે સેવામાં દબાણ કરવામાં આવ્યું હતું.

પોલીસે જણાવ્યું કે વાહનમાં સવાર ૧૦ મુસાફરોમાંથી ૭નું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યાત્રીનું હોસ્પિટલ લઈ જતા રસ્તામાં મોત થયું હતું. બાકીના બે ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘાયલોમાં એક ૩ વર્ષનો બાળક પણ સામેલ છે.

## આઈએએસ અને આઈપીએસનાં ૨૩૦૦થી વધુ પદ હજુ ખાલી

**દેશમાં એવું એક પણ રાજ્ય નથી જ્યાં આ બંને માટે મંજૂર પદો માટે વેકેન્સી ન હોય**

નવી દિલ્હી, તા.૨૪

હાલમાં દેશમાં આઈએએસ અને આઈપીએસનાં ૨૩૦૦થી વધુ પદ ખાલી છે. દેશમાં એવું એક પણ રાજ્ય નથી જ્યાં આ બંને માટે મંજૂર પદો માટે વેકેન્સી ન હોય. આઈએએસનાં કુલ ૧૪૭૨ અને આઈપીએસનાં ૮૬૪ પદ ખાલી છે. કાર્મિક, લોકફરિયાદ તથા પેન્શન મંત્રાલય દ્વારા મળેલી માહિતી અનુસાર દેશભરમાં આઈએએસનાં કુલ મંજૂર પદ ૬૭૮૯ છે જ્યારે આઈપીએસ માટે મંજૂર પદ ૪૯૮૪ છે.

મંત્રાલયનાં સૂત્રોએ કહ્યું કે આ ઉચ્ચ અધિકારીઓની અછતને કારણે જુદાં જુદાં રાજ્યોમાં વહીવટી અને કાયદો-વ્યવસ્થા સંચાલનમાં તકલીફ પડે છે. ખાલી પદોને ન ભરવાથી વહીવટી કામમાં વિલંબ થાય છે. વર્તમાનમાં અનેક રાજ્યો એવાં છે જેમાં એક આઈએએસ અધિકારી પર અનેક વિભાગોની જવાબદારી છે એટલા માટે કોઈ ને કોઈ વિભાગ એવો રહી જાય છે જ્યાં અપેક્ષા અનુસાર કામ થતાં નથી. ખાસ કરીને અધિકારીઓ રજા પર હોવા કે બીમાર હોવાની સ્થિતિમાં પેન્ડિંગ ફાઈલોની સંખ્યા વધી જાય છે. અનેકવાર સમયસર નિર્ણય ન થવાથી અનેક યોજનાઓ અટકી જાય છે.

કેન્દ્ર-રાજ્યો વચ્ચે પણ અધિકારીઓ અંગે વિવાદ કેન્દ્ર સરકાર અને આઈએએસ અધિકારીઓની બદલીના સંબંધમાં નિયમોમાં ફેરફાર અંગે રાજ્યો અને કેન્દ્ર વચ્ચે વિવાદ પણ છે. કેન્દ્ર એવો આરોપ મૂકે છે કે રાજ્ય કેન્દ્રમાં નિમણૂક થતા આઈએએસ અધિકારીઓને મોકલવામાં આનાકાની કરે છે. તેનાથી કામકાજ પ્રભાવિત થાય છે. કેન્દ્ર દ્વારા કોઈ અધિકારીની નિમણૂક માગવામાં આવતા તેને રાજ્યમાં કાર્યમુક્ત કરવા ફરજિયાત કરવાનો નિયમ પ્રસ્તાવિત કરાયો છે.

## સરહદે બીએસએફે પાકિસ્તાનનું ઘૂસણખોરી ડ્રોન તોડી પાડ્યું

**મહિના દરમિયાન સેનાનું નવમું ઓપરેશન : બીએસએફ સૈનિકોએ માનવરહિત એરિયલ વ્હીકલ પર ગોળીબાર કર્યો**

અમૃતસર, તા.૨૪

બોર્ડર સિક્યોરિટી ફોર્સએ શુક્રવારે સવારે ભારત-પાકિસ્તાન સરહદ પર અન્ય એક ઘુસણખોરી ડ્રોનને તોડી પાડ્યું હતું. જે આ મહિને નવમું ઓપરેશન છે. કારણ કે, તેના કર્મચારીઓ તકનીકી ઉકેલોની મદદથી ડ્રોનને નીચે ઉતારવાની કુશળતા "નિપુણતા" મેળવી રહ્યા છે. બીએસએફ સૈનિકોએ માનવરહિત એરિયલ વ્હીકલ પર ગોળીબાર કર્યો હતો. જે સવારે ૭.૪૫ વાગ્યે અમૃતસરમાં પુલમોરન બોર્ડર ચોકી નજીક શોધાયું હતું. તેને થોડી જ સેકન્ડોમાં નીચે લાવી દીધું હતું. બીએસએફ દ્વારા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ડ્રોનમાં ૨૫ કિલોગ્રામ પેલોડ વહન કરવાની ક્ષમતા હતી અને કન્સાઈનમેન્ટ છોડવાની પદ્ધતિ હતી. મંગળવાર અને બુધવારે પણ આવી જ સફળતાઓ પ્રાપ્ત થઈ હતી. જ્યારે બીએસએફના જવાનોએ અમૃતસર અને



ફિરોઝપુર વિસ્તારોમાં ડ્રોન તોડી પાડ્યા હતા.

બીએસએફના જણાવ્યા અનુસાર, એકંદરે, ૨૦૨૨ માં બીએસએફ દ્વારા ૨૪ ડ્રોન તોડી પાડવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા ડ્રોન દ્વારા શસ્ત્રો, દારૂગોળો, ડ્રગ્સ અને વિસ્ફોટકોની દાણચોરી પર કડક તકેદારી રાખવા માટે સરહદ રક્ષક દળ, તાજેતરમાં આ ખતરાને પહોંચી વળવા નવી વ્યૂહરચના અપનાવી રહી છે. ઈનકમિંગ ડ્રોનથી આવતા અવાજો તરફ વિસ્ફોટ અને લક્ષ્યાંકિત ગોળીબાર સિવાય, જીપીએસ દ્વારા મેપ કરાયેલા સામાન્ય માર્ગોનું નિયમિતપણે નિરીક્ષણ કરવામાં આવે છે અને સંવેદનશીલ સ્થળોએ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. સરહદી વિસ્તારોમાં પહેલાથી જ અનેક એન્ટી ડ્રોન સિસ્ટમ લગાવી દેવામાં આવી છે. સિસ્ટમો મૂળભૂત રીતે એન્ટી ડ્રોન ગન છે. જે જામરની જેમ કામ કરે છે. કારણ કે, તે રેડિયો ફ્રીક્વન્સી અને જીપીએસને વિક્ષેપિત કરે છે.

## મહિલાઓના ઉચ્ચ શિક્ષણ પર પ્રતિબંધનો કાબુલમાં ભારે વિરોધ

**કાબુલમાં યુનિવર્સિટીની બહાર મોટી સંખ્યામાં મહિલાઓ એકઠી થઈ હતી અને તાલિબાની સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું**

નવી દિલ્હી, તા.૨૪

અફઘાનિસ્તાનમાં તાલિબાનના શાસન બાદ મહિલાઓને અનેક પ્રકારના પ્રતિબંધોનો સામનો કરવો પડી રહ્યો છે. હેવ તાલિબાન શાસને તેમના ઉચ્ચ શિક્ષણ પર પ્રતિબંધ મૂકી દીધો છે. ત્યારબાદ ત્યાંની મહિલાઓમાં આક્રોશ છે.

સરકારના નિર્ણયના વિરોધમાં કાબુલમાં યુનિવર્સિટીની બહાર મોટી સંખ્યામાં મહિલાઓ એકઠી થઈ હતી અને તાલિબાની સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ૨૩ વર્ષીય વિદ્યાર્થીની અમિનીનું કહેવું છે કે અમે બધા પિંજરામાં બંધ પક્ષીઓ જેવું અનુભવીએ છીએ. અમે એકબીજાને ગળે વળગીને રોઈ રહ્યા છીએ અને કહી રહ્યા છીએ કે અમારી સાથે જ આવું કેમ થઈ રહ્યું છે. અમિની પોતાની ૩ બહેનો સાથે વિરોધ પ્રદર્શનમાં સામેલ થઈ હતી. તેમાંથી ૨ના માધ્યમિક શિક્ષણ પર પ્રતિબંધ છે.

તમને જણાવી દઈએ કે, તાલિબાની સરકારે મંગળવારના રોજ એક વટહુકમ બહાર પાડીને મહિલાઓના અધિકારોને વધુ કડક બનાવ્યા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે ખાનગી અને જાહેર યુનિવર્સિટીઓમાં મહિલા વિદ્યાર્થીઓનો પ્રવેશ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે છે.

## ભારતીય-અમેરિકન રિચાર્ડ આર વર્મા યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં ટોચના રાજદ્વારી પદ માટે નામાંકિત

નવી દિલ્હી, તા.૨૪

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન એ શુક્રવારે ભારતીય-અમેરિકન રિચાર્ડ આર વર્માને યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં ટોચના રાજદ્વારી પદ માટે નામાંકિત કર્યા છે. વ્હાઈટ હાઉસના એક પ્રકાશન અનુસાર, બાઈડેન એ વર્માને સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં મેનેજમેન્ટ અને સંશાધનના ડેપ્યુટી સેક્રેટરી તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી.

રિચાર્ડ વર્મા અત્યારે માસ્ટરકાર્ડમાં મુખ્ય કાનૂની અધિકારી અને ગ્લોબલ પબ્લિક પોલિસીના વડા છે.

## દ.આફ્રિકાના બોક્સબર્ગ શહેરમાં ગેસ ટેન્કરમાં વિસ્ફોટથી ૨૦નાં મોત

**ગેસ ટેન્કર અંડરપાસમાં ફસાઈ ગયા બાદ ગેસ લીક થતાં વિસ્ફોટ થયો**





ડરબન, તા.૨૪

હાલમા મળેલી માહિતી મુજબ દક્ષિણ આફ્રિકામાં ગેસ ટેક્રરમાં વિસ્ફોટ અત્યાર સુધીમાં ૨૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગેસ ટેક્રર અંડરપાસમાં ફસાઈ ગયા બાદ ગેસ લીક થવાને કારણે આ વિસ્ફોટ થયો હતો.

આજે દક્ષિણ આફ્રિકાના બોક્સબર્ગ શહેરમાં મોટો વિસ્ફોટ થયો છે. આ વિસ્ફોટ ગેસ ટેક્રરમાં થયો હતો. મળતી માહિતી મુજબ આ વિસ્ફોટમાં અત્યાર સુધીમાં ૨૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. એવું જાણવામાં આવી રહ્યું છે કે ગેસ ટેક્રર અંડરપાસમાં ફસાઈ જવાના કારણે ગેસ લીક થવાથી આ વિસ્ફોટ થયો હતો.દક્ષિણ આફ્રિકાના ગૌટેંગ પ્રાંતમાં પૂર્વ રેન્ડ પર બોક્સબર્ગ શહેર આવેલું છે. આ બોક્સબર્ગમાં શહેર પાસે આજે શનિવારે સવારે એક ગેસ ટ્રક ટેક્રર અંડરપાસમાં ફસાઈ ગયા બાદ જોરદાર વિસ્ફોટ થયો હતો. આ બ્લાસ્ટ ઓઆર ટેમ્બો મેમોરિયલ હોસ્પિટલથી થોડાક મીટર દૂર હોસ્પિટલ રોડ પર થયો હતો. આ ટ્રકમાં એલપી ગેસની હોવાનું જાણવા મળ્યું છે.

## મુળ ભારતીયને દુબઈમાં ૩૩ કરોડનો જેકપોટ લાગ્યો

**તે એક ફર્મમાં ડ્રાઈવરની નોકરી કરે કરે છે અને મહિને ૩,૨૦૦ દિરહામ કમાય છે**




દુબઈ, તા.૨૪

દુબઈમાં એક ભારતીય મૂળનો વ્યક્તિ જેકપોટમાં રાતોરાત કરોડપતિ બની ગયો. તેણે અમીરાતમાં લકી ડ્રોમાં ૧૫ મિલિયન દિરહામ (રૂ. ૩૩ કરોડ)ની લોટરી જીતી છે. જેકપોટ જીત્યા બાદ તેણે કહ્યું કે, તે હજુ પણ વિશ્વાસ નથી કરી શકતો. ચાર વર્ષ પહેલા તે નોકરીની શોધમાં ભારતથી દુબઈ આવ્યો હતો. ત્યારથી તે એક ફર્મમાં ડ્રાઈવરની નોકરી કરે કરે છે અને મહિને ૩,૨૦૦ દિરહામ કમાય છે. તેણે કહ્યું કે તે આ રકમ ક્યાં રોકાણ કરશે.

અજય ઓગુલાએ દુબઈમાં અમીરાતના ડ્રોમાં ૧૫ મિલિયન દિરહામ (૩૩ કરોડ)નું ઈનામ જીત્યું છે.